ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન

# ખનિજ પત્રિકા

## એસોસિયેશન સમાચાર

વોલ્યૂમ - ૭

નં. - ૭

ત્રિમાસિક

એપ્રિલ-
ડિસેમ્બર, ૨૦૨૨

મૂલ્ય:
રૂ. ૧૦૦/-

A GROUP COMPANY OF SHREE RAM MINERALS
ESTD 1977

**SHREE RAM MINERALS**
Kaolin solution for any product...
An ISO 9001-2015 Certified Company

COMPLETE RANGE OF
**KAOLIN CLAY**

LEADING Mines Owner &
Manufacturer of Super Quality
KAOLIN Products.

CALCINED KAOLIN
HYDROUS KAOLIN CLAY
REFRACTORY KAOLIN
SILICA SAND

Contact :
99252 33480 I 98255 04824
Ph. 02832-240882
Email : info@shreeramminerals.com
Web : www.shreeramminerals.com


Corporate Office :
GIDC Area, Post-Madhapar-370020
Ta- Bhuj(Kutch) Guj. (India)

ESTD. 1962

**GUJMIN INDUSTRY ASSOCIATION**
Reg. No. GUJ/15299/AHMEDABAD, UNDER SOCIETY ACT, 1860
2nd Floor, Marble & Mineral Chambers, B/h. D.K. House, Mithakhali, Ahmedabad-380006 (Gujarat).
**Tel.:** 079-26427047 | **E-mail:** gujmin@gmail.com | **Website:** www.gujaratmineral.org

RAGHUVANSHI
REFRACTORIES

# WE DON'T WANT TO BE BIG BUT WE WANT TO BE THE BEST



High Alumina Mortar
Conventional Castable
Low cement Castable
Insulating Castable
High Alumina Conventional Castable

ISR | DEC 2020

## RAGHUVANSHI REFRACTORIES

MFG. REFRACTORY CASTABLES AND MORTAR

**Registered Office:** Shree Chambers, 3rd Floor Opp. M. E. M School, Porbandar-360575, Gujarat, India
Ph. +91 98252 31055 | www.raghuvanshirefractories.com

## તાંત્રિક સલાહકાર મંડળ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી સી.એમ. દ્વિવેદી | .. | પ્રમુખ અને તંત્રી |
| ૨. | શ્રી બિરેન જે. પટેલ | .. | મેમ્બર અને તંત્રી |
| ૩. | શ્રી કે. એન. પટેલ | .. | મેમ્બર |
| ૪. | શ્રી સુરેશ રાઈઠઠા | .. | મેમ્બર |
| ૫. | ડૉ. ડી . એન. પંચોલી | .. | મેમ્બર |
| ૬. | શ્રી જયમીત સોલંકી | .. | મેમ્બર |



**શ્રી સી. એમ. દ્વિવેદી**
**પ્રમુખ**

**ઉપપ્રમુખ**
શ્રી જય જી. શાહ
શ્રી જતીન આર. પટેલ

**માનદ મંત્રી**
શ્રી હર્ષવર્ધન ભાવાની

**સંયુક્ત માનદ મંત્રી**
શ્રી દીપક પંડ્યા
શ્રી વિમલ કુબાવત

**ખજાનચી**
શ્રી જશુભાઈ જી. પટેલ

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન

સ્થાપનાઃ સને ૧૯૬૨

| વર્ષ | પ્રમુખ | માનદ મંત્રી |
|---|---|---|
| ૧૯૬૩-૭૦ | નટવરલાલ શામળદાસ વોરા | કૃષ્ણપ્રસાદ ઝેડ. પટેલ |
| ૧૯૭૧-૭૨ | પ્રભુદાસ વિઠ્ઠલદાસ માકેચા | દેવેન્દ્રભાઈ ડી. બધેકા |
| ૧૯૭૩ | જશવંતભાઈ યુ. ત્રિવેદી | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૪-૭૫ | જયંતીલાલ ડી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૬ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૭-૭૮ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૯-૮૦ | ઈન્દુભાઈ એસ. જાની | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૮૧-૮૨ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૮૩-૮૫ | ગોવિંદભાઈ બી. શાહ | મધુભાઈ એ. શાહ |
| ૧૯૮૬-૮૭ | જશવંતભાઈ યુ. ત્રિવેદી | મધુભાઈ એ. શાહ |
| ૧૯૮૮-૯૧ | સુરેન સી. ચોક્સી | મધુભાઈ એ. શાહ |
| ૧૯૯૨-૯૭ | જીતેન્દ્રભાઈ ડી. ત્રિવેદી | ગિરીશ આર. પટેલ |
| ૧૯૯૭-૯૯ | ગોવિંદભાઈ બી. શાહ | બિરેન જે. પટેલ |
| ૧૯૯૯-૨૦ | રાવજીભાઈ જે. પટેલ | બિરેન જે. પટેલ |
| ૨૦૦૬-૧૦ | બિરેન જે. પટેલ | જતીન આર. પટેલ |
| ૨૦૧૦-૧૨ | હંસરાજ ડી. પટેલ | જતીન આર. પટેલ |
| ૨૦૧૩-૧૫ | હંસરાજ ડી. પટેલ | સી. એમ. દ્વિવેદી |
| ૨૦૧૬-૧૮ | પી. એન. રાવ | સી. એમ. દ્વિવેદી |
| ૨૦૧૯-૨૨ | પી. એન. રાવ | જય જી. શાહ |
| ૨૦૨૨-૨૪ | સી.એમ. દ્વિવેદી | હર્ષવર્ધન ભાવાની |

## સંકલિત ખનિજ મંડળ

૧. પોરબંદર ચોક માઈન્સ ઓનર્સ એન્ડ મેન્યુફેક્ચર્સ એસોસિયેશન
૨. કચ્છ ચાઈનાક્લે એસોસિયેશન
૩. કચ્છ માઈન્સ મિનરલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એસોસિયેશન
૪. અમદાવાદ સેન્ડ લીઝ હોલ્ડર એસોસિયેશન
૫. ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ સેન્ડ એસોસિયેશન
૬. અંબાજી માર્બલ ક્વોરી એન્ડ ફેક્ટરી એસોસિયેશન
૭. છોટાઉદેપુર માઈન્સ ઓનર્સ એસોસિયેશન
૮. છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ સેન્ડ એસોસિયેશન
૯. નવસારી ક્વોરી એસોસિયેશન
૧૦. સાઉથ ગુજરાત ઓડ જ્ઞાતિ લીઝ હોલ્ડર્સ એસોસિયેશન
૧૧. ગુજરાત બ્લેક સ્ટોન ક્વોરી એસોસિયેશન
૧૨. સાઉથ ગુજરાત લીઝ હોલ્ડર એસોસિયેશન, સુરત
૧૩. ગુજરાત ગ્રેનાઈટ એસોસિયેશન
૧૪. હાલોલ ક્વોરી એસોસિયેશન
૧૫. ગોધરા ક્વાટ્ર્સ એસોસિયેશન
૧૬. કચ્છ બેન્ટોનાઈટ વેલ્ફર એસોસિયેશન
૧૭. દેવભૂમિ દ્વારકા જિલ્લા મિનરલ પ્રોસેસર્સ એસોસિયેશન

## કોર્પોરેટ સંકુલઃ

૧. અંબુજા સિમેન્ટ્સ લિમિટેડ
૨. આશાપુરા માઇનકેમ લિમિટેડ
૩. આશાપુરા કેલ્સાઈન એન્ડ રિફૅકટરીઝ એલ.એલ.પી
૪. એલેમ્બિક ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
૫. આશાપુરા ચાઈના ક્લે કંપની
૬. આઇરન ટ્રાયેંગલ લિમિટેડ, અમદાવાદ (બેકબોન એન્ટરપ્રાઇઝ લિમિટેડ)
૭. આઈરન ટ્રાયેંગલ લિમિટેડ, રાજકોટ
૮. બોમ્બે મિનરલ્સ લિમિટેડ
૯. કાર્બોરેન્ડમ યુનિવર્સલ લિમિટેડ
૧૦. ડી.સી. ડબ્લ્યુ. લિમિટેડ
૧૧. ડી. આર. અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રાઈવેટ લિમિટેડ
૧૨. દાલમિયા ઓ.સી.એલ. લિમિટેડ
૧૩. દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડ
૧૪. ગુજરાત હેવિકેમિકલ લિમિટેડ
૧૫. ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ
૧૬. ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ
૧૭. એચ. ડી. માઈક્રોન્સ લિમિટેડ
૧૮. એચ.ડી. એન્ટરપ્રાઇઝ
૧૯. હાઈબોન્ડ સિમેન્ટ (ઇં) પ્રાઈવેટ લિમિટેડ
૨૦. હિંદુસ્તાન ઝિંક લિમિટેડ
૨૧. નિરમા લિમિટેડ
૨૨. ઓરિએન્ટ એબ્રેસિવ લિમિટેડ
૨૩. રેમિનકો રિસોર્સિસ પ્રાઇવેટ લિમિટેડ
૨૪. સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
૨૫. સૌરાષ્ટ્ર કેલ્સાઈન બોકસાઈટ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રી લિમિટેડ
૨૬. સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ
૨૭. સ્વેલ્લવેલ માઈનકેમ પ્રાઇવેટ લિમિટેડ
૨૮. થાન્કી એક્સપોર્ટસસ પ્રાઇવેટ લિમિટેડ
૨૯. ૨૦ માઈક્રોન્સ લિમિટેડ
૩૦. ટાટા કેમિકલ્સ લિમિટેડ
૩૧. અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ
૩૨. વિમલ માઈક્રોન્સ લિમિટેડ
૩૩. વાન બેન્ટ મિનરલ્સ પ્રાઈવેટ લિમિટેડ

## અનુક્રમણિકા


૦૧ એડ્વર્ટાઈઝમેન્ટ - શ્રી રામ મિનરલ્સ
૦૨ એડ્વર્ટાઈઝમેન્ટ - રઘુવંશી રિફ્રેક્ટરીઝ
૦૫ પ્રમુખસ્થાનેથી
૦૬ વાર્ષિક સામાન્ય સભા તા. ૨૪-૦૬-૨૦૨૨ અને નવ નિયુક્ત મેનેજિંગ કમીટી (૨૦૨૨-૨૪)ના ફોટોગ્રાફ્સ
૦૯ ખાણ કામ ઉદ્યોગ અંગેનો લેખ
૧૫ ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના સભ્યશ્રીઓ જોગ
૧૬ એડ્વર્ટાઈઝમેન્ટ - આશાપુરા ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
૧૭ એડ્વર્ટાઈઝમેન્ટ - ટાટા કેમિકલ્સ લિમિટેડ
૧૮ એડ્વર્ટાઈઝમેન્ટ - એચ.ડી. માઇક્રોન્સ લિમિટેડ
૧૯ ગુજમિન ઈન્ડ. એસોસિયેશનની વિજ્ઞપ્તિ
૨૦ એડ્વર્ટાઈઝમેન્ટ - જીએચસીએલ લિમિટેડ



લેખકો દ્વારા દર્શાવાયેલાં અભિપ્રાય-મંતવ્ય 'ખનિજ પત્રિકા'ના પ્રકાશક, તંત્રી અને "ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન"નાં નથી. પત્રિકામાં છપાયેલ કોઈ પણ સાહિત્યનું પુનઃ પ્રકાશન અનુમતિ સિવાય કરવું ખાસ વર્જિત છે.




**પત્રવ્યવહારનું સરનામું :**
સંપર્કઃ સેક્રેટરી, ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન,
બીજો માળ, માર્બલ એન્ડ મિનરલ ચેમ્બર્સ,
ડી. કે. હાઉસ પાછળ, મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ટેલિ.: ૦૭૯-૨૬૪૨ ૭૦૪૭ ઈ-મેઈલઃ gujmin@gmail.com



મુદ્રક : **પ્રિન્ટ વિઝન પ્રા. લિ.**
**આંબાવાડી, અમદાવાદ. • ફોનઃ ૦૭૯-૨૬૪૦ ૫૨૦૦**

## પ્રમુખસ્થાનેથી



**સી.એમ. દ્વિવેદી**
**પ્રમુખ**

માનનીય સભ્યશ્રીઓ,

સૌપ્રથમ હું એસોસિયેશનનો આભાર માનું છું, જેમણે મારામાં વિશ્વાસ રાખી મને પ્રમુખ તરીકે ચૂંટ્યો. હું મારી શ્રેષ્ઠ ક્ષમતા અને જ્ઞાનથી તમારી સેવા કરવાનો પ્રયાસ કરીશ. આપ સર્વ સમક્ષ આ 'ખનિજ પત્રિકા'નો અંક રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

ખનિજની સ્થિતિની વાત કરીએ તો રાજયમાં જુદા જુદા મુખ્ય ખનિજોની ૪૨૭ માઈનિંગ લીઝ, ગૌણ ખનિજોની ૭૩૪૩ મળી કુલ ૭૭૭૦ લીઝ અસ્તિત્વ ધરાવે છે. આ લીઝમાંથી રાજ્ય સરકારશ્રીને વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન રોયલ્ટી, ડેડરેન્ટ, સરફેસ રેન્ટ તથા અન્ય આવક મળી વાર્ષિક રૂ. ૧૭૩૩.૪૭ કરોડની મહેસૂલી આવક પ્રાપ્ત થયેલ છે, જે સારું માનવામાં આવે છે.

રાજય સરકારશ્રીને ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન પેટે તા. ૧૭-૯-૨૦૧૫થી ૩૧-૩-૨૦૨૨ સુધીમાં મુખ્ય ખનિજમાથી રૂ. ૬૬૦.૦૨ કરોડ, ગૌણ ખનિજમાંથી રૂ. ૪૬૩.૦૦ કરોડ મળી કુલ રૂ. ૧૧૨૩.૦૨ કરોડનું ફંડ પ્રાપ્ત થયેલ છે.અમે પ્રયત્ન કરીશું કે તેનો વધુ સારી રીતે ઉપયોગ થાય.

આપણાં એસોસિયેશને ઘણા લાંબા સમયથી કરેલ રજૂઆતોને ધ્યાનમાં લઈ તાજેતરમાં રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેરનામામાં તા. ૧૨-૧૦-૨૦૨૨થી ખાણ ખનિજ ક્ષેત્રે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ આપતો અભિગમ દાખવી જાહેર હિતમાં ખાણકામના ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ (સુધારા) નિયમો-૨૦૨૨થી સુધારા જાહેર કરવામાં આવેલ છે, જેમાં.

(૧) પડતર સેવ્ડ કેસોની મંજૂરીની સમયમર્યાદામાં ત્રણ વર્ષ વધારી તા. ૨૩-૫-૨૦૨૫ સુધી કરવામાં આવેલ છે.

(૨) ગૌણ ખનિજોનાં બાકી લેણાંના વ્યાજના દરમાં વાર્ષિક ૧૮% ના દરમાં ૬% નો ઘટાડો કરી ૧૨% કરવામાં આવેલ છે.

(૩) ખાનગી માલિકીની જમીનમાં મળી આવતા ગૌણ ખનિજની ૪,૦૦,૦૦ હેક્ટર સુધીની ક્વોરી લીઝ જમીનમાલિક/સંમતિધારકને જાહેર હરાજી વગર નિયમઅનુસારના પ્રીમિયમથી લીઝની ફાળવણી કરવામાં આવશે.

(૪) ગૌણ ખનિજની લીઝમાં ખનિજનો જથ્થો પૂર્ણ થઈ જાય અથવા વૈજ્ઞાનિક ઢબે ખાણકામ થઈ શકે તેમ ન હોય તેવા કિસ્સામાં લીઝધારક આવા વિસ્તારનો ભાગ પરત કરી શકશે.

વધુમાં સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના જાહેરનામા તા. ૯-૬-૨૦૨૨થી ગૌણ ખનિજની ક્વોરી લીઝ ક્વોરી પરમીટ તેમજ ગૌણ અને મુખ્ય ખનિજોના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહના કેસોનાં બાકી લેણાંની વસૂલાત માટેની રાહત યોજના તા. ૯-૬-૨૦૨૨થી તા. ૮-૧૨-૨૦૨૨ સુધીના સમયગાળા માટે જાહેર કરવામાં આવેલ છે, જેના લીધે બાકી લેણાંના કારણે લીઝ/સ્ટોકિસ્ટોનાં એકાઉન્ટ બંધ કરવામાં આવેલ તે ચાલુ થઈ શકશે.

આમ, એસોસિયેશન દ્વારા રજૂ કરેલ ખનિજ ઉદ્યોગના પ્રશ્નો પૈકી બાકી પ્રશ્નો અન્વયે અધિક નિયામકશ્રી (વિકાસ), ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું, ગાંધીનગરે એસોસિયેશનના હોદ્દેદારોને તા. ૧૪-૧૦-૨૦૨૨ના રોજ રૂબરૂ મુલાકાત આપી પ્રશ્નોની મુદ્દાવાર ચર્ચા કરી પ્રશ્નોનાં ઉકેલ માટે હકારાત્મક અભિગમ દાખવી નિરાકરણ લાવવા પ્રતિબદ્ધતા દાખવેલ, જેનાથી ખનિજ ક્ષેત્રે પારદર્શકતા વધશે તેમજ પ્રક્રિયાઓ ઝડપી બનશે તેવી અપેક્ષા રાખીએ.

અંતમાં વીતેલાં બે વર્ષ કરતાં વધુ સમયગાળાની કોરોનાકાળની તમામ વિપદાઓ હવે વીસરી જઈ સમય સાથે ચાલી, પ્રચંડ પુરુષાર્થ કરી, દૂરંદેશી વ્યાવસાયિક કાર્યપધ્ધતિ અપનાવી, કુશળ માનવશ્રમને કામે લગાડી, શક્તિશાળી અને કાર્યક્ષમ સાધનો, ઓજરો અને નવી ટેક્નોલૉજી પદ્ધતિ અપનાવી સલામત અને આયોજનબદ્ધ વૈજ્ઞાનિક ઢબે ખાણકામ કરી, મૂલ્યવર્ધિતપધ્ધતિ અપનાવી વેસ્ટ મિનરલનો મહેતમ ઉપયોગ કરી પર્યાવરણની જાળવણી કરી નિયમોની જાણકારી મેળવી આવનાર પડકારો સામે હરણફાળ ભરી શકીશું તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

વધુમાં એસોસિયેશનના પ્રમુખ તરીકે મેનેજિંગ કમિટીના સભ્યો તથા આપ બધા સભ્યો તરફથી સહકાર મળી રહેલ છે તે બદલ સૌ સભ્યોનો આભાર વ્યક્ત કરું છુ અને ફરી નાના લીઝધારકોથી માંડી દરેકના પ્રશ્નો અને ધંધાના વિકાસ માટે કાર્ય કરવા તેમજ નવરચિત સરકારશ્રીમાં પડતર પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત કરવાની ખાતરી આપું છું.

શુભેછા સાથે,


**સી. એમ. દ્વિવેદી**
**પ્રમુખ**



**Annual General Meeting of the Association was held physically and virtually on 24.6.2022 at 3.00 PM at the 'Hotel West End'**



**Outgoing President Shri P. N. Rao presenting bouquet to the newly elected President Shri C. M. Dwivedi**



**Shri Jay G. Shah, Hon. Secretary presenting Bouquet to Shri P. N. Rao, outgoing President**



Presenting bouquet to
Shri Biren J. Patel



Presenting bouquet to
Shri K. N. Patel



Presenting bouquet to
Shri Gambhirsinh Padheria



Presenting bouquet to
Shri Vimal Kubavat



Presenting bouquet to
Shri Jay G. Shah



Presenting bouquet to
Shri Paresh Tank,
Tata Chemicals Ltd.



Presenting bouquet to
Shri Jatin R. Patel



Presenting bouquet to
Shri Deepak Pandya



# ખાણકામ ઉદ્યોગ અંગે

**ગુજમીન ટીમ**

ભારતમાં ખાણકામ એક મહત્ત્વપૂર્ણ આર્થિક પ્રવૃત્તિ છે. ભારત આયર્ન ઓર, ક્રોમાઇટ, બોક્સાઈટ, અબરખ અને મેંગેનીઝના સૌથી મોટા નિકાસકાર દેશોમાંનો એક છે અને ઉત્પાદનના જથ્થાની દૃષ્ટિએ ખનિજ ઉત્પાદક દેશોમાં તે પાંચમા ક્રમે છે. ભારતના જીડીપીમાં ખાણકામ ક્ષેત્રનો ફાળો લગભગ ૨.૪ ટકા છે. ખાણકામમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી રહી છે, ત્યારે સરકાર તેની વિવિધ જાહેર ક્ષેત્રની કંપનીઓ દ્વારા ઘરેલુ ખાણકામ ઉદ્યોગમાં સૌથી વધુ સહભાગી બની રહી છે. ભારતનાં મોટા ભાગનાં સંભવિત ખનિજ સંશોધનોની હજુ પૂરેપૂરી શોધખોળ કરવાની બાકી છે. અગાઉ સરકારની નીતિઓ અને કાયદાઓમાં મોટા ભાગે સંશોધન અને વિકાસના બદલે ખાણ અને ખનિજના નિયમન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ખનિજ ઉદ્યોગની સ્થગિતતાની નોંધ લઈને ભારત સરકાર દ્વારા ખનિજ સંશોધન, ખાણ વિકાસ અને જાળવણીમાં ખાનગી ક્ષેત્રની વધુ ભાગીદારીને મંજૂરી આપતા વિવિધ સુધારા શરૂ કરવામાં આવ્યા છે.

ભારત લગભગ ૮૮ ખનિજનું ઉત્પાદન કરે છે, જેમાં બળતણ, અણુ, ધાતુ અને અધાતુ ખનિજનો સમાવેશ થાય છે. ભારતમાં ક્રોમાઇટ, આયર્ન ઓર, જસત, બોક્સાઈટ, મેંગેનીઝ, એલ્યુમિનિયમ અને કોપર જેવા કેટલાક ધાતુ ખનિજનો અગ્રણી ઉત્પાદક દેશ છે.

ભારતે ૨૦૩૦ સુધીમાં વાહનોને સંપૂર્ણપણે ઈલેકટ્રીકમાં ફેરવવાનું લક્ષ્ય રાખ્યું છે. જોકે, આ ધ્યેય હાંસલ કરવા માટે, તેણે લિથિયમ-આયર્ન બેટરીઓ (જે હાલમાં ઇલેક્ટ્રિક વાહનનો સૌથી મોંઘો ઘટક છે)ના ઘરેલુ ઉત્પાદનમાં રોકાણ કરવાની જરૂર છે. નીતિ આયોગે અવલોકન કર્યું છે કે ભારત પાસે લિથિયમ, આયર્ન, કોબાલ્ટ અને નિકલ સહિતના કેટલાક સૌથી મહત્ત્વપૂર્ણ લિથિયમ-આયર્ન ઘટકોનો પૂરતો ભંડાર નથી. ભારતે તેના સ્થાનિક બેટરી ઉત્પાદન ઉદ્યોગના નિર્માણ માટે ચાવીરૂપ ખનિજોની સુલભતા સુનિશ્ચિત કરવા માટે આંતરરાષ્ટ્રીય ભાગીદારી અને સંયુક્ત સાહસો રચવાની જરૂર પડશે. આમ અહેવાલો પરથી સમજીએ છીએ કે ભારત આર્જેન્ટિના, બોલિવિયા અને ચિલી સાથે છૂટછાટના દરે લિથિયમની આયાત કરવા અને ભાગીદારી માટે વાટાઘાટો કરવાની પ્રક્રિયામાં છે.

ભારતની ખાણકામની સંપત્તિ ઓડિશા, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ અને કર્ણાટકમાં કેન્દ્રિત થયેલી છે. આયર્ન ઓરનો ભંડાર મુખ્યત્વે ઓડિશા, ઝારખંડ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ગોવા અને કર્ણાટકમાં જોવા મળે છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓડિશા, આંધ્રપ્રદેશ અને કર્ણાટક મેંગેનીઝના ભંડાર માટેના મુખ્ય ક્ષેત્રો છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઝારખંડમાં તાંબાના ભંડાર ઉપલબ્ધ છે. રાજસ્થાન, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર અને મહારાષ્ટ્રમાં મુખ્યત્વે ઝિંકના ભંડાર જોવા મળે છે. ઓડિશા, મણિપુર, નાગાલેન્ડ, કર્ણાટક, ઝારખંડ, મહારાષ્ટ્ર, તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં ક્રોમાઇટ ઓરનો ભંડાર ઉપલબ્ધ છે.

ખાણ ઉદ્યોગનું નિયમન કેન્દ્ર અને રાજ્ય એમ બંને સ્તરે થાય છે. ભારતના બંધારણ હેઠળ, રાજ્ય પાસે ખાણ અને ખનિજ વિકાસને નિયંત્રિત કરવાની સત્તા છે, જોકે આ સત્તા ખાણ પરના કેન્દ્ર સરકારશ્રીના કાયદાઓ અને નિયમોને આધીન છે.

ખનિજને બે પ્રકારમાં વર્ગીકૃત કરવામાં આવે છે, મુખ્ય ખનિજ અને ગૌણ ખનિજો. રાજ્ય સરકારો પાસેગૌણ ખનિજોની નીતિ ઘડવાની અને પથ્થર, માટી અને રેતી જેવાં તમામ ગૌણ ખનીજના સંશોધન, નિષ્કર્ષણ અને પ્રક્રિયાનું નિયમન કરવાની સત્તા છે. ગૌણ ખનીજ સિવાયના તમામ ખનીજ આપોઆપ જ મુખ્ય ખનીજ તરીકે વર્ગીકૃત થઈ જાય છે. કેન્દ્ર સરકાર પાસે મુખ્ય ખનિજના સંદર્ભમાં સંશોધનો, રોયલ્ટી દર નક્કી કરવા, નિયમો ઘડવા વગેરેની સત્તા છે. ધાતુમય ખનિજોને મોટા ભાગે મુખ્ય ખનીજો તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હોવાથી આ પ્રકરણમાં કેન્દ્રીય કાયદાઓ અને મુખ્ય ખનિજો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

તમામ ઓફશોર ખનીજ (એટલે કે પ્રાદેશિક જળ, ખંડીય છાજલી અને વિશિષ્ટ આર્થિક ક્ષેત્રો જેવાં ભારતીય દરિયાઈ ઝોનમાં દરિયામાંથી અથવા સમુદ્રના તળિયેથી કાઢવામાં આવેલા ખનિજ પર પણ સરકારની માલિકી છે. કેન્દ્ર સરકારને ઓફશોર ખનિજના ખાણકામ માટે છૂટછાટ ફાળવવાનો અને રોયલ્ટી એકત્રિત કરવાનો અધિકાર છે.

ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) ધારો, ૧૯૫૭ એમ.એમ.(ડી.આર.) એક્ટ એ કેન્દ્રનો કાયદો છે, જે એકંદરે ખાણકામ ક્ષેત્રનું નિયમન કરે છે અને એ ખાતરી કરે છે કે રાજ્ય એકસમાન રાષ્ટ્રીય માળખામાં રહીને તેમની સત્તાનો ઉપયોગ કરે. ખાણ અધિનિયમ-૧૯૫૨ ખાણમાં આરોગ્ય અને સલામતી

અને ખાણકામની કામગીરી હાથ ધરવા માટેના નિયમો નક્કી કરે છે. ઓફશોર ખનિજ સંસાધનોના વિકાસ અને નિયમન ઓફશોર એરિયાઝ મિનરલ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૨૦૦૨ દ્વારા થાય છે.

ખાણ મંત્રાલય દેશમાં ખાણ અને ખનિજના કાયદા, નીતિ ઘડતર અને વહીવટ માટે જવાબદાર છે. તે મુખ્યત્વે આના પરથી બનેલું છે:

- જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા, જે પ્રાદેશિક ખનિજનું સંશોધન અને ખાણકામ સંસાધનોનું મેપિંગ કરે છે.
- ધ ઈન્ડિયન બ્યૂરો ઓફ માઈન્સ, જે રાષ્ટ્રીય ખનિજ ઈન્વેન્ટરીની જાળવણી કરે છે અને રાજ્ય સરકાર માટે રાષ્ટ્રીય નિયમનકાર છે, જે ખાણકામ યોજનાઓને મંજૂરી આપે છે, બંધ કરવાની કામગીરી અને ખનિજ સામગ્રીના સંરક્ષણને મંજૂરી આપે છે.
- ડાયરેક્ટર જનરલ ઓફ માઈન્સ સેફટી આ ક્ષેત્ર માટે આરોગ્ય અને સલામતીનું મુખ્ય નિયંત્રક છે.

વર્ષ ૨૦૧૫માં ભારત સરકારે એમએમ(ડીઆર) એમેન્ડમેન્ટ એક્ટઃ ૨૦૧૫ મારફતે ખાણ કાયદાઓમાં નોંધપાત્ર સુધારો કર્યો હતો, જેથી ખાણ પટ્ટાની મંજૂરી અને નિયમનમાં પારદર્શકતા લાવી શકાય. માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ : ૨૦૧૫ ની કેટલીક મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે:

- ખાણકામમાં છૂટછાટ હરાજી દ્વારા સ્પર્ધાત્મક બોલીઓ મારફતે જ આપવામાં આવશે.
- ખાણકામની મંજૂરી ૫૦ વર્ષની મુદત માટે આપવાની છે. કન્સેશન ટ્રાન્સફરેબલ છે, પરંતુ કન્સેશનની અવધિ પૂરી થયા પછી તેને રિન્યૂ કરી શકાતી નથી;
- ખાનગી પક્ષોને સંશોધન હાથ ધરવા માટે પ્રોત્સાહિત કરવા રિકોનિસન્સ પરમિટ ધોરણે આપવામાં આવશે;
- સૂચિત ખનિજ (એટલે કે બોક્સાઈટ, લોખંડની કાચી ધાતુ, ચૂનાના પથ્થરો અને મેંગેનીઝ ઓર)ના સંદર્ભમાં રાજ્ય સરકાર કોઈ ખાસ અંતિમ ઉપયોગ માટે ખાણ અનામત રાખી શકે છે. આરક્ષિત ખાણમાંથી કાઢવામાં આવેલા ખનિજનો ઉપયોગ માત્ર ચોક્કસ અંતિમ ઉપયોગ માટે જ થઈ શકે છે અને તેને વેચી કે તબદીલ કરી શકાતો નથી. આ અંતિમ વપરાશના પ્રતિબંધને ૨૦૧૭માં હળવો કરવામાં આવ્યો હતો.
- ખાણની આસપાસના સ્થાનિક વિસ્તારનો વિકાસ કરવા માટે ખાણકામની કામગીરીમાંથી પ્રાપ્ત થતી આવકનો ઉપયોગ કરવા માટે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન્સ (ડીએમએફ)ની સ્થાપના કરવામાં આવેલ છે.
- દેશમાં ખનિજ ઉત્ખનનની વિસ્તૃત સુવિધા માટે નેશનલ મિનરલ એક્સપ્લોરેશન ટ્રસ્ટ (એનએમઈટી)ની સ્થાપના કરવામાં આવેલ છે. છેલ્લાં થોડાં વર્ષોમાં આ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રની વધારે ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે અન્ય વિવિધ સુધારાઓ રજૂ કરવામાં આવ્યાં છે, જેમ કે:
- ખનિજ (અણુ અને જળ કાર્બન્સ ઊર્જા ખનીજ સિવાય) કન્સેશન રૂલ્સ, ૨૦૧૬ (ખનિજ રાહત નિયમો) કે જે અગાઉના છૂટછાટના નિયમોથી વિપરીત, હરાજી, છૂટછાટના હસ્તાંતરણ તેમજ જૂના શાસન હેઠળ ખનિજ છૂટછાટના પરવાનાઓના અધિકારોનું રક્ષણ કરવા માટે બચતની જોગવાઈઓ દ્વારા છૂટછાટ આપવા માટેની વ્યવસ્થા પૂરી પાડે છે.
- ધ મિનરલ કન્ઝર્વેશન એન્ડ ડેવલપમેન્ટ રૂલ્સ, ૨૦૧૭ (એમસીડીઆર), જેમાં તપાસ અથવા સંભવિત લાઇસન્સધારક અથવા માઈનિંગ લીઝધારકોના અધિકારોની વિગતો આપવામાં આવી છે.
- તમામ બિનબળતણ અને બિનઅણુ ખનિજોની શોધ અને ઉપયોગ કરવા તથા તમામ ધાતુઓ તેમજ ધાતુશાસ્ત્ર માટે પ્રક્રિયા કરવા માટે ઓટોમેટિક રૂટ (એટલે કે સરકારની પૂર્વ મંજૂરી વિના) અંતર્ગત ૧૦૦ ટકા સુધીનું સીધું વિદેશી રોકાણ (એફ.ડી.આઇ.)ને મંજૂરી આપવામાં આવી છે.
- ગેરકાયદે ખનનમાં ઝડપી કાર્યવાહી કરવા માટે વિશેષ અદાલતોની રચના કરવામાં આવેલ છે અને
- ખનિજ હરાજી (સુધારા) નિયમો, ૨૦૧૭, જે હરાજીમાં ભાગીદારી વધારવા અને આ પ્રકારની હરાજી સફળ થાય તે સુનિશ્ચિત કરવા હરાજીની પ્રક્રિયામાં વધારે સરળતા પ્રદાન કરે છે.
- ગેરકાયદે ખનનમાં ઝડપી કાર્યવાહી કરવા માટે વિશેષ અદાલતોની રચના કરવામાં આવેલ છે.

સરકાર ખાણકામ અને ખનિજ વિકાસને નિયંત્રિત કરે છે અને જ્યારે ખનિજ રાજ્યની હદની જમીનમાં આવેલું હોય ત્યારે રાજ્ય સરકાર છૂટછાટ આપે છે, રોયલ્ટી અને અન્ય ફી ઉઘરાવે છે. અગાઉ વહેલા તે પહેલાના ધોરણે છૂટછાટના અધિકારો આપવામાં આવતા હતા, પરંતુ સુધારેલા એમએમડીઆર કાયદા

હેઠળ તમામ મુખ્ય ખનિજની રાહતો હરાજી દ્વારા આપવામાં આવે છે. એક ખાનગી પક્ષ કે જેની પાસે ચોક્કસ ખનિજ માટે ખાણકામની લીઝ હોય છે તેનું સંપૂર્ણ ટાઈટલ હોય છે અલબત્ત આ ખનિજ પર લાગુ પડે તેવી અંતિમ ઉપયોગની શરતો સાથે મંજૂરી આપવામાં આવી છે.

એવા મોટા વિસ્તારો છે, જ્યાં ખાણકામના અધિકારો ખાનગી પક્ષો પાસે છે અને એક અંદાજ મુજબ લગભગ ૧૦,૬૨૧ ખાનગી ખાણ છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૩માં સપાટી પરના અધિકારોના માલિકોને રાજ્યમાં સોંપવાના બદલે ખનિજ સંપત્તિના અધિકારો આપ્યા હતા, જોકે, સુપ્રીમ કોર્ટે ખનિજની માલિકીનાં કેટલાક પાસાંઓ જેવાં કે ખાનગી માલિકોની રાજ્યને રોયલ્ટી ચૂકવવાની જવાબદારી અંગે ચુકાદો આપવાનો બાકી છે.

આ સુધારાઓના એક ભાગ તરીકે નવા નિયમો હેઠળ જે જમીનમાલિક કોઈ ત્રાહિત પક્ષને પ્રોસ્પેક્ટિંગ લાઈસન્સ અથવા ખાણકામની લીઝ આપવા માગે છે, તે માત્ર રાજ્ય સરકારની અધિકૃતતા સાથે જ તેમ કરી શકે છે. આવા ખાનગી ખનન ભાડાપટ્ટાના કિસ્સામાં ખાણ ભાડે આપનારે કેન્દ્ર સરકારશ્રીના માઈનિંગ નિયમોનું પાલન કરવું પડે છે તેમજ ખાણ બંધ કરવાના નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારને સિક્યોરિટી ડિપોઝિટ પૂરી પાડવી પડે છે.

એમ.એમ.(ડી.આર.) એમેન્ડમેન્ટ એક્ટ પહેલાં માઈનિંગ લીઝથી અલગ પ્રોસ્પેક્ટિંગ લાઈસન્સ પણ મંજૂર કરી શકાતું હતું, પરંતુ હવે તેને કમ્પોઝિટ લાઈસન્સ હેઠળ સમાવી લેવામાં આવ્યું છે.

**અધિકારધારકની જવાબદારીઓ :**

- તમામ જરૂરી મંજૂરીઓ અને સંમતિઓ મેળવવી;
- ખાણની યોજના અનુસાર ખાણનું સંચાલન કરવું;
- માઈનિંગ લીઝના અમલીકરણનાં બે વર્ષની અંદર ખાણકામની કામગીરી શરૂ કરવી;
- રોયલ્ટી, ડેડરેન્ટ, સરફેસરેન્ટ અથવા અન્ય ફીની ચુકવણી;
- ખનન કરાયેલા ખનિજ, ઉત્ખનન કરાયેલી નકામી સામગ્રી, કર્મચારીઓ અને ખાણકામની તમામ યોજનાઓની સચોટ માહિતી રાખવી;
- ઓથોરિટી દ્વારા નિરીક્ષણની મંજૂરી આપવી,
- શક્ય હોય ત્યાં સુધી જમીનને પુનઃસ્થાપિત કરવી, જે સંભવિતપણે અથવા ખાણકામની પ્રવૃત્તિથી પ્રભાવિત થાય છે અને
- તેના અધિકારોનો ઉપયોગ કરીને થતા તમામ નુકસાન, ઈજા અથવા વિક્ષેપો માટે વળતરની ચુકવણી.

ખાણકામ લીઝ ૫૦ વર્ષના સમયગાળા માટે આપવામાં આવે છે અને તેનું રિન્યૂઅલ કરી શકાતું નથી.

કેપ્ટિવ યુઝ સિવાય હરાજી છતાં આપવામાં ન આવેલી માઈનિંગ લીઝ રાજ્ય સરકારને આગોતરી ફી (અંદાજિત સંસાધનોના મૂલ્યના ૦.૫ ટકા જેટલી) ચૂકવીને ટ્રાન્સફર કરી શકાય છે.

હરાજી મારફતે મેળવેલ માઈનિંગ લીઝ અથવા કમ્પોઝિટ લીઝ તૃતીય પક્ષને સ્થાનાંતરિત કરી શકાય છે. આવી તબદીલી કરનાર તમામ શરતો અને જવાબદારીઓને આધીન રહેશે જે ટ્રાન્સફરના સ્થાનાંતરણ સમયે આધિન હતી.

લાઈસન્સ અથવા લીઝધારકને સુનાવણીની વાજબી તક આપ્યા વિના કસમયે સમાપ્તિ માટેનો આવો કોઈ આદેશ કરી શકાતો નથી.

જો કોઈ સંસ્થા લીઝના અમલની તારીખથી બે વર્ષની અંદર ખાણકામની કામગીરી શરૂ કરવામાં નિષ્ફળ જાય છે અથવા બે વર્ષના સમયગાળા માટે ખાણકામ બંધ કરે છે, જ્યાં સુધી રાજ્ય સરકાર આવા વિલંબનાં કારણોથી સંતુષ્ટ ન થાય ત્યાં સુધી ખાણકામ માટે લીઝ લેપ્સ થઈ જાય છે.

ખાણકામ અધિકારધારકને તે વિસ્તાર પર સપાટી પરના અધિકારો મેળવવા અથવા સંભવિત અથવા ખાણકામની કામગીરી શરૂ કરવા માટે માલિકની સંમતિ મેળવવી જરૂરી છે.

સરકારી માલિકીની જમીનના સંદર્ભમાં પસંદ કરેલી બોલી લગાવનારને સરકારી સત્તાવાળાઓ દ્વારા સપાટી પરના હકો આપવામાં આવે છે. સંભાવના દરમિયાન આવી જમીનમાં ગટર બાંધવા અથવા પાણીનો ઉપયોગ કરવા માટે વનસ્પતિ સાફ કરવા માટે ડેપ્યુટી કલેક્ટર જેવા સરકારી સત્તાધિકારીની મંજૂરી લેવી જરૂરી છે. રાઈટ્સધારક તેના દ્વારા ખનન કામગીરીના હેતુસર ઉપયોગમાં લેવાતા સપાટીના વિસ્તાર માટે સપાટીનું ભાડું, વોટર સેસ ચૂકવવા માટે જવાબદાર છે. માઈનિંગ લીઝ હોલ્ડરે નવી સપાટીની કામગીરી માટે કોઈ પણ જમીનનો ઉપયોગ કરતાં પહેલાં સરકારી સત્તાધિકારીને લેખિત નોટિસ આપવી ફરજિયાત છે, જેને વાંધા ઉઠાવવાનો અને સપાટીના અધિકારધારકના ઉપયોગને મર્યાદિત કરવાનો અધિકાર છે.

જ્યારે ખાનગી માલિકો પ્રોસ્પેક્ટિંગ લાઈસન્સ અથવા માઈનિંગ લીઝ આપે છે ત્યારે જમીન માલિકો આવા તૃતીય પક્ષોને તેમના કરારની શરતો અનુસાર સપાટીના અધિકારો

આપી શકે છે.

આ ઉપરાંત પ્રતિષ્ઠિત ક્ષેત્રની સત્તાનો ઉપયોગ કરતી સરકાર જાહેર હેતુઓ માટે જમીન સંપાદન કરી શકે છે, જેમ કે રાઇટ ટુ ફેર કમ્પેન્સેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઈન લેન્ડ એક્વિઝિશન, રિહેબિલિટેશન એન્ડ રિસેટલમેન્ટ એક્ટ-૨૦૧૩ (એલએઆરઆર એક્ટ), જોકે, આ સપાટી પરના અધિકાર ધારકોની સંમતિ આવશ્યકતાઓને આધીન છે અને આવાં હસ્તાંતરણોનો વિરોધ કરી શકાય છે. સરકાર અને રાજ્યની એજન્સીઓને ખાણકામ પ્રોજેક્ટ્સમાં ભાગ લેવાનો અધિકાર છે અને જાહેર ક્ષેત્રની કંપનીઓ ખાણકામ ક્ષેત્રમાં પ્રભુત્વ ધરાવે છે. ખાણકામની પ્રવૃત્તિ હાથ ધરતી તમામ કંપનીઓનો ભારતમાં સમાવેશ થવો આવશ્યક છે.

જપ્તી માટેની કોઈ ઔપચારિક ક્ષમતા નથી, પરંતુ ઉપર ચર્ચા કર્યા મુજબ સરકારને પ્રોસ્પેક્ટિંગ લાઇસન્સ અથવા માઇનિંગ લીઝને અકાળે સમાપ્ત કરવાનો અધિકાર છે.

ભારતના બંધારણ હેઠળ ભારતના રાષ્ટ્રપતિ કેટલીક જમીનોને 'અનુસૂચિત ક્ષેત્રો' તરીકે સૂચિત કરી શકે છે, જેમાં એક વિશેષ શાસન વ્યવસ્થા છે. અનુસૂચિત વિસ્તારો એ આદિજાતિ પ્રભુત્વવાળા વિસ્તારો છે, જે અવિકસિત છે અને આર્થિક અસમાનતા દર્શાવે છે. અનુસૂચિત વિસ્તારોના સંબંધમાં ઘડવામાં આવેલા કાયદાઓમાં સામાન્ય રીતે જમીન સંપાદન અને સ્થાનાંતરણ પર વધુ નિયંત્રણો હોય છે. વધુમાં કેન્દ્ર અથવા રાજ્ય સરકાર પણ કોઇ પણ ખનિજના સંરક્ષણના હેતુથી કેટલાક વિસ્તારો (જે પહેલાંથી જ લીઝ અથવા લાઇસન્સ હેઠળ રાખવામાં આવ્યા નથી) અનામત રાખી શકે છે. આવા અનામત વિસ્તારોમાં ખાણકામની કોઈ પણ પ્રવૃત્તિ ફક્ત સરકારી કંપનીઓ દ્વારા જ કરવામાં આવે છે.

**ખાણકામની પ્રવૃત્તિઓ હાથ ધરતા ખાનગી પક્ષોની ફરજો ચૂકવવાપાત્ર રોયલ્ટી અને કર :**

સરકાર દરેક ખનિજ માટે રોયલ્ટી ચૂકવણીનો ઉલ્લેખ કરે છે અને રાજ્ય સરકાર ખાણકામ પરની રોયલ્ટી એકત્રિત કરે છે. મોટા ભાગના કિસ્સાઓમાં રોયલ્ટી સરકાર દ્વારા સૂચિત કિંમતની ટકાવારી તરીકે જાહેરાતના આધારે લેવામાં આવે છે. રોયલ્ટીમાં કોઈ પણ વધારો ત્રણ વર્ષમાં ફક્ત એક જ વાર કરી શકાય છે.

**ડેડરેન્ટ**

ખાણકામ અધિકારધારક ખાણકામના વિસ્તારના સંદર્ભમાં રોયલ્ટી અથવા ડેડરેન્ટ ચૂકવવા માટે જવાબદાર છે, બેમાંથી જે વધારે હોય તે. તેથી ડેડરેન્ટ જ્યારે ખાણ બંધ હોય ત્યારે ચૂકવવાનું હોય છે. ડેડરેન્ટ કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે અને રાજ્ય દ્વારા એકત્રિત કરવામાં આવે છે. ડેડરેન્ટમાં કોઈ પણ વધારો ત્રણ વર્ષમાં ફક્ત એક જ વાર કરી શકાય છે.

નેશનલ મિનરલ એક્સ્પ્લોરેશન ટ્રસ્ટ/ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન ટ્રસ્ટનું યોગદાન

રાઇટ્સ હોલ્ડરે એન.એમ.ઇ.ટી.માં ફાળા તરીકે રોયલ્ટીના ૨ ટકા જેટલી રકમ ચૂકવવી પડે છે. ડીએમએફ (DMF) યોગદાન કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવાનું હોય છે, પરંતુ નિર્દિષ્ટ રોયલ્ટીના એક તૃતીયાંશથી વધુ ન હોઈ શકે.

**અન્ય ચુકવણીઓ**

અધિકારધારકે, જ્યાં લાગુ પડતું હોય ત્યાં, સપાટી પરના હક્કોના માલિકોને સરફેસ રેન્ટ અથવા લાઇસન્સ અથવા લીઝ માટે અરજી ફી પણ ચૂકવવી પડી શકે છે, જે કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે અને રાજ્ય દ્વારા એકત્રિત કરવામાં આવે છે.

**ખનિજ નિયંત્રણો**

આયર્ન ઓર, મેંગેનીઝ અને ક્રોમના ચોક્કસ સ્વરૂપો (ભારતીય વેપાર વર્ગીકરણ સુમેળ પ્રણાલીના અનુસૂચિ-૨માં નિર્ધારિત)ની નિકાસ માત્ર સરકારી માલિકીની કંપનીઓ દ્વારા જ કરી શકાય છે. આ ઉપરાંત ખાસ રસાયણો, સજીવો, સામગ્રી, ઉપકરણો અને ટાઇટેનિયમ એલોય જેવી તકનીકી વસ્તુઓની નિકાસ ફક્ત ડિરેક્ટોરેટ જનરલ ફોર ફોરેન ટ્રેડના લાઇસન્સ હેઠળ જ કરી શકાય છે. તદુપરાંત, જો કોઈ ખાણ ચોક્કસ અંતિમ વપરાશ માટે આરક્ષિત રાખવામાં આવી હોય તો તેમાંથી ખનિજની નિકાસ કરી શકાતી નથી.

વધુમાં, ખનિજ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા અને નિકાસ ઘટાડવા માટે સરકાર ઊંચા નિકાસ કર લાદી શકે છે, જે તેના વાર્ષિક બજેટ સત્ર દરમિયાન વાર્ષિક ધોરણે સુધારી શકાય છે.

**મુખ્ય લાગુ પડતા પર્યાવરણીય કાયદાઓ**

ખાણકામ ઉદ્યોગને લાગુ પડતા મુખ્ય પર્યાવરણીય કાયદાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- પર્યાવરણ (સંરક્ષણ) ધારો, ૧૯૮૬ (ઇપીએ)
- વન (સંરક્ષણ) ધારો, ૧૯૮૦
- જળ (પ્રદૂષણની રોકથામ અને નિયંત્રણ) ધારો, ૧૯૭૪ અને
- હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) ધારો, ૧૯૮૧

વધુમાં એમએમ(ડીઆર) કાયદો કેન્દ્ર સરકારને ખનિજના

સંરક્ષણ અને સ્થાયી વિકાસ માટે નિયમો ઘડવાની સત્તા આપે છે અને પર્યાવરણના સંરક્ષણ માટે પ્રદૂષણને અટકાવીને અથવા નિયંત્રિત કરે છે, જે સંભવિત અથવા ખાણકામની કામગીરીના કારણે થઈ શકે છે. એમસીડીઆર ખાણકામનાં પર્યાવરણીય પાસાંઓને નિયંત્રિત કરે છે અને ટકાઉ ખાણકામ માટે પ્રદાન કરે છે.

મુખ્ય નિયમનકારી સંસ્થાઓમાં પર્યાવરણ વન અને આબોહવામાં પરિવર્તન મંત્રાલય (એમઓઈએફ) અને કેન્દ્ર અને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સમાવેશ થાય છે. ખાસ કરીને ખાણકામના સંદર્ભમાં ભારતીય ખાણ બ્યૂરો અને રાજ્ય સરકાર પણ ખાણકામનું નિયમન કરે છે.

**પર્યાવરણીય સમીક્ષા અને પરવાનગી આપવાની પ્રક્રિયા**

ઈપીએની જોગવાઈઓ હેઠળ એમ.ઓ.ઇ.એફ. દ્વારા નોટિફાઇડ એન્વાયરન્મેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ (ઇઆઇએ) નોટિફિકેશન, ૨૦૦૬ પર્યાવરણને લગતી મંજૂરીઓ આપવાનું નિયમન કરે છે. ખાણકામ પ્રોજેક્ટના પરિણામે પર્યાવરણ પરની અસરનું મૂલ્યાંકન ઇઆઈએના અભ્યાસ દ્વારા કરવામાં આવે છે. પરિણામે, પર્યાવરણીય વ્યવસ્થાપન યોજના તૈયાર કરવામાં આવે છે અને પર્યાવરણીય મંજૂરી આપવામાં આવે છે, જેમાં પ્રોજેક્ટમાંથી પર્યાવરણ પર ઓછામાં ઓછી અસર થાય તે માટે શરતો નક્કી કરવામાં આવે છે.

વધુમાં, જંગલની જમીન પર ખાણકામ પ્રોજેક્ટ્સના કિસ્સામાં કેન્દ્ર સરકાર જંગલની જમીનના ડાઈવર્ઝન માટે નિવારણાત્મક પગલાં નક્કી કરી શકે છે, જેમ કે પૂરક વનીકરણની રચના અને જાળવણી.

ખાણકામ માટેની ઇઆઇએ (EIA) પ્રક્રિયામાં એક વર્ષનો સમય લાગે છે, જો તે લાંબો સમય નહીં, કારણ કે ઇઆઇએ (EIA) અભ્યાસ જાહેર પરામર્શ સાથે ત્રણ સિઝનમાં હાથ ધરવો પડે છે, ત્યાર બાદ મૂલ્યાંકન સમિતિ દ્વારા તેની સમીક્ષા કરવામાં આવે છે. જો જંગલની જમીન સંકળાયેલી હોય તો જંગલની જમીનને વાળવા માટેની મંજૂરી પણ સમાંતર રીતે મેળવવાની જરૂર છે. અગાઉ પર્યાવરણીય મંજૂરી મેળવવાની પ્રક્રિયા બે વર્ષ કે તેથી વધુ સમય સુધી લંબાતી હોવાનું જાણવા મળતું હતું, પરંતુ ઉદ્યોગ અને વિકાસને વેગ આપવાની હાલની નીતિ હેઠળ ઓછા સમયમાં મંજૂરીઓ આપવામાં આવે છે.

**બંધ કરવાની કરવાની પ્રક્રિયા**

ખાણ અધિકારધારકે ખાણ બંધ કરવાની યોજના તૈયાર કરવી પડે છેઃ એક ઉત્તરોત્તર ખાણ બંધ કરવાની યોજના અને અંતિમ ખાણ બંધ કરવાની યોજના. ઉત્તરોત્તર ખાણ બંધ કરવાની યોજના ખાણકામ યોજના સાથે રજૂ કરવામાં આવે છે, જ્યારે સૂચિત બંધ થવાનાં બે વર્ષ પહેલાં અંતિમ ક્લોઝર પ્લાન મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે. અધિકારધારકે એ સુનિશ્ચિત કરવાનું હોય છે કે રિક્લેમેશન અને રિહેબિલિટેશનનાં કામો સહિતનાં રક્ષણાત્મક પગલાં માન્ય ખાણ બંધ કરવાની યોજના અનુસાર હાથ ધરવામાં આવે. સરકારી સત્તાધિકારીએ પ્રમાણિત કરવું આવશ્યક છે કે અંતિમ ખાણ બંધ કરવાની યોજના અનુસાર તમામ રક્ષણાત્મક કામો હાથ ધરવામાં આવ્યાં છે.

ઉપરાંત, હરાજી સિવાયની અન્ય છૂટછાટો માટે ખાણ બંધ કરવાની યોજનાના યોગ્ય અમલીકરણ માટે બેંક ગેરંટીના રૂપમાં નાણાકીય ખાતરી આપવી પડે છે, જેમાં નિષ્ફળ જવાથી રાજ્ય સરકાર આ બેંક ગેરંટીને જપ્ત કરી શકે છે. હરાજી દ્વારા આપવામાં આવેલી છૂટછાટ માટે, જો ખાણ બંધ કરવાની યોજના અનુસાર યોગ્ય રીતે બંધ કરવા અને ઉપાયનું પાલન કરવામાં ન આવે તો પક્ષકારો વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવેલા ખાણ વિકાસ અને ઉત્પાદન કરારની જોગવાઈઓ અનુસાર કામગીરીની સલામતી પ્રાપ્ત કરી શકાય છે.

**મથાળે અથવા વેસ્ટ ડમ્પ બનાવવા પર પ્રતિબંધ**

મિનરલ કન્ઝર્વેશન એન્ડ ડેવલપમેન્ટ રૂલ્સઃ ૨૦૧૭ હેઠળ અધિકારધારકે એ સુનિશ્ચિત કરવું પડશે કેઃ

- વધુ પડતો બોજ, બિનઉપયોગી ખડક અને સ્લાઈમ્સને અલગ-અલગ ડમ્પમાં સંગ્રહિત કરવામાં આવે છે;
- ગંદા બંધને પૂરને રોકવા માટે યોગ્ય રીતે સુરક્ષિત કરવામાં આવે છે અને પર્યાવરણના અધઃપતનનું કારણ બની શકે તેવા જથ્થામાં સામગ્રીનો નાશ થાય છે;
- વેસ્ટ ડમ્પ, ટેઇલિંગ અથવા સ્લાઇમ્સ માટેનું સ્થળ શક્ય હોય ત્યાં સુધી અભેદ્ય જમીન પર હોય છે, જેથી ઓછામાં ઓછું લીચિંગ સુનિશ્ચિત કરી શકાય અને
- કચરાના ઢગલાને વનસ્પતિ કે અન્ય રીતે યોગ્ય રીતે મથાળે પર બેસાડવા અને તેને સ્થિર કરવા જોઈએ.

અગ્રતા ક્રમમાં ભારતીય ખાણ બ્યૂરો દ્વારા ખાણોનું નિરીક્ષણ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, સંપૂર્ણપણે યાંત્રિક રીતે બનાવેલી મોટી ખાણની તપાસ વર્ષમાં ઓછામાં ઓછી બે વખત કરવાની હોય છે. ખાણ, જ્યાં માન્ય ખાણકામ યોજનાઓમાં ફેરફાર કરવામાં આવે છે ત્યાં ઉત્પાદનમાં વધારાના આધારે નિરીક્ષણ કરવું પડે છે; ઉદાહરણ તરીકે, જે ખાણના ઉત્પાદનમાં ૫૦ ટકાથી વધુનો વધારો થાય છે તેની દર ત્રણ મહિને તપાસ કરવી પડે છે.

ડમ્પ કચરાના સંચાલન અને વ્યવસ્થાપનનો હવાલો સંભાળતી વ્યક્તિઓ માટે કોઈ ચોક્કસ લાયકાતોની વિગતો આપવામાં આવી નથી, પરંતુ લાયકાત ધરાવતા અને અનુભવી ખાણકામ ઈજનેરો અને ભૂસ્તરશાસ્ત્રીઓને માઈનિંગ કંપનીઓ દ્વારા સંભવિત અને ખાણકામનાં કામો હાથ ધરવા માટે નિયુક્ત કરવાની જરૂર છે. સ્થાનિક સમુદાય સાથે ફરજિયાત એલાર્મ સિસ્ટમ્સ અથવા કટોકટી કવાયત માટેની કોઈ આવશ્યકતાઓ નથી. ડેમ નિષ્ફળ જવાના કિસ્સામાં લોકોને બચાવવાની પ્રાથમિક જવાબદારી સરકારની છે; જોકે ભારતમાં સંપૂર્ણ જવાબદારીના સિદ્ધાંત હેઠળ ખાણકામ કંપનીઓ બંધની નિષ્ફળતા અથવા જાનહાનિ અથવા ડેમની નિષ્ફળતાના કારણે થયેલી જાનહાનિ અથવા ઈજા માટે જવાબદાર રહેશે.

**મુખ્ય આરોગ્ય અને સલામતી તથા શ્રમ કાયદા**

ખાણ અધિનિયમ ખાણકામ, શ્રમના આરોગ્ય અને સલામતી, રોજગારની શરતો, ખાણોનું નિરીક્ષણ વગેરેનું નિયમન કરતી જોગવાઈઓ નક્કી કરે છે. ખાણ નિયમો-૧૯૫૫માં મજૂરોની તબીબી તપાસ, મૂળભૂત આરોગ્ય અને સ્વચ્છતાની જોગવાઈઓ અને ખાણિયાઓ તથા તેમના પરિવારો માટે કલ્યાણકારી સુવિધાઓનું માળખું નક્કી કરવામાં આવ્યું હતું. ડિરેક્ટોરેટ જનરલ ઓફ માઈન્સ સેફટી એ ખાણોમાં સલામતી માટે ભારત સરકારની એજન્સી છે.

**માઈનિંગ વેસ્ટનું સંચાલન અને રિસાઈકલિંગ**

જોખમી અને અન્ય કચરો (વ્યવસ્થાપન અને સરહદપારની હિલચાલ) નિયમો-૨૦૧૬ (જોખમી કચરાના નિયમો-૨૦૧૬) એ ખનન કરતા કચરાના ઉત્પાદનોના સંચાલન અને રિસાઈકલિંગ સાથે સંબંધિત પ્રાથમિક કાયદો છે. ખાણકામ કામગીરી માટે પર્યાવરણીય મંજૂરી આપવામાં એમઓઈએફ કચરાના સંચાલન અને રિસાઈકલિંગ માટેની શરતો અને પ્રતિબંધોને સ્પષ્ટ કરે છે. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સંચાલન માટેની સંમતિ જારી કરવામાં પણ શરતો સ્પષ્ટ કરે છે. લીઝ ધારકને જોખમી કચરાના નિયમો-૨૦૧૬ હેઠળ કોઈ પણ પ્રતિબંધોને આધીન ટેઈલિંગ તળાવો અને કચરાના ઢગલાઓમાં માઈનિંગ વેસ્ટ પ્રોડક્ટ્સની શોધ અને શોષણ કરવાનો અધિકાર છે.

**સામુદાયિક જોડાણ અને સી.એસ.આર. (Corporate Social Responsibility)**

કંપની ધારા, ૨૦૧૩ અને કંપનીઝ (સીએસઆર) રૂલ્સ ૨૦૧૪માં ભારતની કંપનીઓની પ્રાથમિક સીએસઆર જવાબદારીઓ સામેલ છે. સીએસઆરની જોગવાઈઓ ૧૦ અબજ રૂપિયા કે તેથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતી કંપનીઓ અથવા ૫ અબજ રૂપિયા કે તેથી વધુની નેટવર્થ ધરાવતી કંપનીઓ અથવા ૫૦ મિલિયન રૂપિયાનો ચોખ્ખો નફો ધરાવતી કંપનીઓને લાગુ પડે છે. આવી કંપનીઓએ પાછલાં ત્રણ વર્ષમાં તેમના સરેરાશ નફાના ૨ ટકા સીએસઆર પ્રવૃત્તિઓ પર ખર્ચ કરવો આવશ્યક છે. કંપનીઝ એક્ટ, ૨૦૧૩માં પર્યાવરણને લગતી સ્થિરતા, શિક્ષણ, સ્વચ્છતા, વ્યાવસાયિક કૌશલ્યમાં વધારો વગેરે જેવી સીએસઆર પ્રવૃત્તિઓના યાદી આપવામાં આવી છે. કંપનીઓ બોર્ડની મંજૂરી લીધા પછી સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આ પ્રવૃત્તિઓનો અમલ કરી શકે છે. સીએસઆર નીતિ અંગેનો અહેવાલ કંપનીએ તેની વેબસાઈટ પર પ્રકાશિત કરવો આવશ્યક છે અને જો કંપની નિર્ધારિત રકમનો ખર્ચ કરવામાં નિષ્ફળ જાય છે તો અહેવાલમાં કારણો સ્પષ્ટ કરવા જોઈએ. કોર્પોરેટ બાબતોનું મંત્રાલય કંપની એક્ટ-૨૦૧૩ની મુખ્ય નિયમનકારી સંસ્થા છે.

ખાસ કરીને ખાણકામના સંબંધમાં સુધારેલા એમએમ (ડીઆર) એક્ટમાં ખાણકામ સંબંધિત કામગીરીથી અસરગ્રસ્ત તમામ જિલ્લાઓમાં ડીએમએફની સ્થાપના કરવાની જોગવાઈ છે. અધિકારધારકે ડીએમએફમાં ફેડરલ સરકાર દ્વારા નિર્દિષ્ટ દર પર ફાળો આપવો જરૂરી છે, જે રોયલ્ટીના એક તૃતીયાંશથી વધુ ન હોઈ શકે. રાજ્ય સરકારો તેમના ક્ષેત્રમાં ડી.એમ.એફ. પર વહીવટી અધિકારક્ષેત્ર ધરાવે છે. વર્ષ ૨૦૧૫માં ડીએમએફ દ્વારા જનરેટ કરવામાં આવેલા ભંડોળનો ઉપયોગ કરીને ખાણકામ સંબંધિત કામગીરીથી અસરગ્રસ્ત વિસ્તારો અને લોકોના કલ્યાણ માટે એક યોજના પણ શરૂ કરવામાં આવી હતી.

**મૂળનિવાસી, સ્વદેશી અથવા વંચિત લોકોના અધિકારો**

ભારતનાં મોટા ભાગનાં ખાણકામનાં સંસાધનો મોટા ભાગે અવિકસિત આદિજાતિ વિસ્તારોમાં આધારિત છે. સંઘર્ષના મુખ્ય સ્રોતોમાંનું એક એ ખાણકામ માટે આવા આદિજાતિ વિસ્તારોમાં જમીન સંપાદન છે. રાજ્યના ગવર્નરને અનુસૂચિત વિસ્તારોને લગતા નિયમો બનાવવાની સત્તા આપવામાં આવી છે, જેમાં 'આવા વિસ્તારોમાં અનુસૂચિત જનજાતિઓ દ્વારા અથવા તેમની વચ્ચે જમીનના સ્થાનાંતરણ પર પ્રતિબંધ મૂકવાની અથવા પ્રતિબંધિત કરવાની' સત્તાનો સમાવેશ થાય છે.

વિવિધ રાજ્યએ અમુક આદિજાતિ પ્રદેશોને લગતા જમીન સંપાદનના મુદ્દાઓ સાથે વ્યવહાર કરવા માટે પોતાનો કાયદો ઘડ્યો છે. આ કાયદાઓ આદિવાસીઓના જમીનના અધિકારોનું સંચાલન કરે છે, જેમાં રાજ્યમાં અનુસૂચિત વિસ્તારોના સ્થાનાંતરણ અને ઉપયોગ તથા ભાડુઆતની ઘટનાઓનો સમાવેશ થાય છે. મુખ્ય ભાર એ છે કે આદિજાતિ વર્ગોમાં જમીનમાલિકીની વિવિધ શ્રેણીઓ વ્યાખ્યાયિત કરવી, ઊંચા

ભાડા અથવા જમીનના સ્થાનાંતરણ સામે આદિવાસીઓના જમીનના અધિકારોનું રક્ષણ કરવું, આવી જમીનોના સ્થાનાંતરણને નિયંત્રિત કરવું અને ગેરકાયદે અલગ પડેલી જમીનને પુનઃસ્થાપિત કરવા માટે જોગવાઈઓ કરવી.

અનુસૂચિત વિસ્તારોમાં જમીનનું વિભાજન અટકાવવા અને અનુસૂચિત જનજાતિની કોઈ પણ ગેરકાયદે વિખૂટી પડેલી જમીનને પુનઃસ્થાપિત કરવા માટે યોગ્ય કાર્યવાહી કરવાની સત્તા યોગ્ય સ્તરે પંચાયતો અને ગ્રામસભાને મળે તે માટે પણ રાજ્ય સરકારે સુનિશ્ચિત કરવું જરૂરી છે. આદિજાતિના અધિકારોની પતાવટ કરવી પડશે અને ઉદ્યોગો અથવા ખાણકામ કંપનીઓ આદિજાતિની જમીનનો ઉપયોગ કરવા માટે મંજૂરી મેળવી શકે તે પહેલાં આદિવાસીઓએ ગ્રામસભા દ્વારા સંમત થવું આવશ્યક છે.

ખનિજ હરાજી (સંશોધન) નિયમો-૨૦૧૭ની રજૂઆત સાથે ખાણના અધિકારોની હરાજીમાં સહભાગિતા અને લવચિકતામાં વધારો.

અગાઉ વર્ષ ૨૦૧૫ના ખનિજ હરાજીના નિયમો હેઠળ જો હરાજી માટે ત્રણથી ઓછા બિડર્સ હોય તો હરાજીની પ્રક્રિયા રદ કરવી પડતી હતી અને આ પ્રક્રિયાનું ઓછામાં ઓછા ત્રણ રાઉન્ડ સુધી પુનરાવર્તન કરવું પડતું હતું. ફક્ત ચોથા રાઉન્ડમાં જ રાજ્યને ત્રણ કરતાં ઓછા બોલી લગાવનારાઓ સાથે હરાજી આગળ વધારવામાં રાહત મળી હતી. દરેક હરાજીના રાઉન્ડમાં લગભગ ત્રણ મહિનાનો સમય લાગતો હતો તે જોતાં આના પરિણામે વિલંબ અને હરાજી સતત રદ કરવામાં આવી હતી. મિનરલ ઓક્શન (એમેન્ડમેન્ટ) રૂલ્સ,૨૦૧૭ રાજ્યને બીજા રાઉન્ડમાં જ બ્લોક ફાળવવાની અનુકૂળતા આપે છે, પછી ભલેને તેમાં ત્રણથી ઓછા બિડર્સ હોય.

### રાષ્ટ્રીય ખનિજ નીતિ ૨૦૧૮ ના મુસદ્દાની રજૂઆત

કોમન કોઝના ચુકાદાના ભાગરૂપે, સર્વોચ્ચ અદાલતે ખાણકામની વાત આવે ત્યારે નીતિ ઘડવૈયાઓને આંતરપેઢીગત સમાનતાના મુદ્દાઓ પર વિચાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પર્યાવરણીય સંદર્ભમાં આંતરપેઢીગત સમાનતાનો અર્થ એ છે કે કુદરતી સંસાધનો અને અસ્કયામતો કોઈ એક પેઢીની નથી, પરંતુ તેનું સંચાલન કરવામાં આવે છે અને તમામ ભાવિ પેઢીઓ માટે વિશ્વાસમાં સાચવવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે ભારત સરકારને આ મુદ્દાઓને ધ્યાનમાં લેતી નવી, વધુ અસરકારક, અર્થપૂર્ણ અને અમલમાં મૂકી શકાય તેવી ખનિજ નીતિ જાહેર કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ બાબતને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય ખનિજ નીતિ ૨૦૧૮ (નીતિનો મુસદ્દો)નો મુસદ્દો લગભગ દાયકા જૂની રાષ્ટ્રીય ખનિજ નીતિ ૨૦૦૮નું સ્થાન લેવા માટે જાહેર પરામર્શ માટે પ્રકાશિત કરવામાં આવ્યો છે. ડ્રાફ્ટ પોલિસીમાં આંતરપેઢીગત સમાનતાનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે અને ભવિષ્યની પેઢીઓને આવા સંસાધનો ઉપલબ્ધ કરાવવાના દૃષ્ટિકોણથી ખનિજ સંસાધનના નિષ્કર્ષણને મર્યાદિત કરવાની જરૂરિયાતનો સમાવેશ થાય છે. તે ખાનગી રોકાણ વધારવા તેમજ અત્યાધુનિક ખાણકામ તકનીક દાખલ કરવા માગે છે. તે ક્લસ્ટર અભિગમ અપનાવીને નાની થાપણોના ખાણકામને પ્રોત્સાહિત કરવા માગે છે, જ્યાં ભૌગોલિક રીતે વ્યાખ્યાયિત સીમાની અંદર સ્થિત થાપણો માટે એક જ લીઝ આપવામાં આવે છે. તે એવી પણ ભલામણ કરે છે કે સરકાર 'અન્વિઓલેટ વિસ્તારો' અથવા 'નો-ગો એરિયાઝ'ને ઓળખી કાઢે, જે ખાણકામની મર્યાદાની બહાર હોય, જેથી પર્યાવરણીય રીતે નાજુક વિસ્તારો સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરી શકાય.

## ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના સભ્યશ્રીઓ જોગ

ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના દરેક સભ્યશ્રીઓને જણાવવાનું કે તા. ૨૪-૬-૨૦૨૨ના રોજ મળેલ એસોસિયેશનની કારોબારી સમિતિની બેઠકમાં એસોસિયેશનના ખર્ચને પહોંચી વળવા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ થી એસોસિયેશનના લિમિટેડ સભ્યોશ્રીઓએ વાર્ષિક લવાજમ રૂ. ૫૦૦૦થી વધારી રૂ. ૧૦,૦૦૦ તથા લીમીટેડ સિવાયના સભ્યોશ્રીઓએ રૂ. ૨૦૦૦થી વધારી રૂ. ૨૫૦૦ કરવાનો ઠરાવ કરી વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે તેને પસાર કરવામાં આવેલ. જે મુજબ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪થી લિમિટેડ કંપનીના સભ્યશ્રીઓએ વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ અને લિમિટેડ કંપની સિવાયના સભ્યશ્રીઓએ વાર્ષિક સભ્ય ફાળા પેટે રૂ. ૨૫૦૦ જમા કરાવવા વિનંતી.




## About Ashapura Group

With a legacy of more than 60 years, Ashapura is a leading multi-mineral solutions provider with a global footprint, having a wide network of operations in several states within India and in 7 other countries.

We at Ashapura provide a wide range of solutions that touch billions of lives, every moment, every day! From soaps to steel, energy to edible oils, metal to medicine and from cement to ceramics, we have vicariously become an integral part of your life by offering intermediate mineral solutions, ores and additives to several industries.

Our captive mineral resources, state-of-the-art manufacturing base, cutting edge research capabilities, logistical prowess and 2,400 dynamic, progressive, result oriented employees accord us global leadership in several segments.

Ashapura means "Fulfilling Aspirations"; we believe that sustainable growth occurs only when we fulfill aspirations of all our stakeholders such as customers, employees, shareholders, the environment and the society at large.

*Domain Leadership*

- World's 3rd largest producer of Bentonite
- World's 3rd largest Bleaching Clay producer
- India's largest producer of refractory materials
- India's largest producer of proppants



Ashapura Group of Industries
278, Jeeven Udyog Building, Dr D. N. Road, Fort, Mumbai - 400 001, India
Tel - +91-22-6665 1700
info@ashapura.com www.ashapura.com

ASHAPURA
Group of Industries

TATA
SHUDH
CEMENT

પ્રસ્તુત છે
તાતા શુદ્ધ સિમેન્ટ ઓ.પી.સી.- 53

**SUPERIOR 1**
**DAY STRENGTH**

અમે નવા છીએ,
અમે બહેતર છીએ
અને અમે ભરોસાપાત્ર છીએ.






# HD Microns Limited

**Mines Owner & Minerals Processor**

## China Clay / Kaolin

***Hydrous Kaolin - Calcined Kaolin***
***Spray Dried Kaolin - Meta Kaolin***

### Mineral that Enrich your Product Value

**Paper | Paint | Fiber Glass**
**Plastic | Rubber | Ceramics**

- Ultra Modern Manufacturing Unit.
- Under One Roof Hydrous - Spray Dried - Calcine China Clay.
- Highly Superior Products as a result of advance R & D Facility.

**Your Product is our testimony**

**Head Office**

HD House, Pooja "A",
Above ICICI Bank Limited,
Bhuj-Kutch 370001. Gujarat-India
Phone : +91 2832 251135/251071
Fax : +91 2832 224518/250937
E-mail : lead@hdmicrons.com

**Ahmedabad Office**

225-227, Platinum Plaza,
Judges Bunglow Road, Bodakdev,
Ahmedabad 380054. Gujarat-India
Phone : +91 79 26858937
+91 79 40035941
Fax : +91 79 40035941

www.hdmicrons.com

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન વિજ્ઞપ્તિ

૧. ગુજરાત રાજ્યના તમામ ખનિજ ખાણધારકો, ખનિજ ઉદ્યોગકારો, ખાણ-ખનિજ સલાહકારોન તથા ખાણ ઈજનેર ઈન્ડિયાના, અમદાવાદ ચેપ્ટર નીચે કામ કરતા સ્થાનિક કેન્દ્રોને જણાવવાનું કે આપના ઉદ્યોગને લગતા નીતિ વિષયક, કાયદાવિષયક અથવા આ અંગે કોઈ સૂચનો હોય તો ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન કાર્યાલય, અમદાવાદ ખાતે ઈ-મેઈલ (gujmin@gmail.com) દ્વારા અથવા પોસ્ટ દ્વારા મોકલી આપવા વિનંતી છે. આ સુચનોને ખનિજ પત્રિકામાં છાપવા યોગ્ય સલાહકાર મંડળને લાગશે તો ખનિજ પત્રિકામાં પ્રસિદ્ધ કરવામાં આવશે જેની તમામ વાંચકોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

૨. 'ખનિજ પત્રિકા'ને આર્થિકરીતે સુદૃઢ બનાવવા માટે સભ્યશ્રીઓએ પોતાના ઉદ્યોગ/સંસ્થાની જાહેર ખબર આપવા અપીલ છે.

૩. ખનિજ પત્રિકા વાંચી, પોતાના અભિપ્રાય-સૂચનો મોકલવા વિનંતી, જેથી ખનિજ પત્રિકાને વધુ ઉપયોગી બનાવી શકાય. જિલ્લા કક્ષાએ કાર્યરત મંડળો તેમજ ખાણ કેન્દ્રો પરના ખનિજ ભાવ ત્રિમાસિક મોકલાવે તો ગુજરાતનાં ખનિજો સક્રિય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ હરીફાઈ કરવા સક્ષમ બનશે.

## ખનિજ પત્રિકામાં જાંહેરાતના દર નીચે મુજબ છે

| | એક વર્ષ | બે વર્ષ | ત્રણ વર્ષ |
|---|---|---|---|
| આગળનું પાનું | ૧૫,૦૦૦ | ૨૨,૫૦૦ | ૩૧,૫૦૦ |
| આગળનું અંદરનું પાનું | ૧૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| છેલ્લા પાનનું અંદરનું પાનું | ૧૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| છેલ્લું પાનું | ૧૫,૦૦૦ | ૨૨,૫૦૦ | ૩૧,૫૦૦ |
| અંદરનું ફુલ કલર પાનું | ૮,૦૦૦ | ૧૨,૦૦૦ | ૧૮,૦૦૦ |
| અંદરનું અડધું પાનું | ૫,૦૦૦ | ૯,૦૦૦ | ૧૨,૦૦૦ |

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના સભ્યશ્રીઓને

**વાર્ષિક લવાજમ જમા કરવા**

**-: વિનંતીપત્ર :-**

જય ભારત સાથે જણાવવાનું કે એસોસિયેશનના સભ્યશ્રીઓને ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક લવાજમના ઇન્વોઇસ મોકલી આપેલ છે. જે અન્વયે એસોસિયેશનના લિમિટેડ કંપનીના સભ્યોએ સભ્યદીઠ વાર્ષિક લવાજમ પેટે રૂ. ૫૦૦૦/- અને લિમિટેડ કંપની સિવાયના સભ્ય પાસેથી દર વર્ષ વાર્ષિક રૂ. ૨૦૦૦/- વર્ષ ૨૦૧૬-૧૭થી લેવાનું ઠરાવેલ છે, જેથી સભ્યશ્રીઓને ચાલુ વર્ષ તથા અગાઉના વર્ષ બાકી રહેલી વાર્ષિક લવાજમની રકમ તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે

## પત્રવ્યવહારનું સરનામું

**સંપર્ક:** સેક્રેટરી, ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન, બીજો માળ, માર્બલ એન્ડ મિનરલ ચેમ્બર, ડી. કે. હાઉસ પાસે મીઠાખળી, અમદાવાદ-૩૮૦૦૦૬. **ટેલિ.:** ૨૬૪૨૭૦૪૭ **ઈ-મેઈલ:** gujmin@gmail.com




Book-Post

ESTD. 1962

To,


**From:**

**GUJMIN INDUSTRY ASSOCIATION**

Reg. No. GUJ/15299/AHMEDABAD, UNDER SOCIETY ACT, 1860

2nd Floor, Marble & Mineral Chambers, B/h D.K. House,
Mithakhali, Ahmedabad-380006 (Gujarat). **Tel:** 079-26427047
**E-mail:** gujmin@gmail.com | **Website:** www.gujaratmineral.org


www.printvision.in